# ટ્રેક નં. ૬૨ : ચિંતન મનન વિષે

✻ સમ્યક્દર્શન પહેલાં અને પછી કેવું ચિંતન હોય? પૂછી લઈએ નાની ઉંમરે ચિંતન મનન કરી અનુભવ કરનાર આપણા પૂજ્ય બહેનશ્રીને જ.

✻ માંગલિક :

✻ ભક્તિ : મનનં મધુરમ્, જ્ઞાનં મધુરમ્, મનનં મધુરં ધ્યાનં મધુરમ્
મધુરાધિપતે ગુરુદેવ મધુરમ્, મધુરાધિપતે સર્વમ્ મધુરમ્.

✻ પ્રશ્ન : ચિંતવન કિસ પ્રકારકા હો?

● ઉત્તર : ઐસા તત્વકા સ્વભાવ કૈસા હૈ એ સબ વિચારના ચાહિયે. ઐસા તત્વકા વિચાર હોના ચાહિયે, યે સબ કરના ચાહિયે. વારંવાર વારંવાર વારંવાર ઐસા મનન ચિંતન—વારંવાર એ. ઐસે આત્માકે બિના ઉસકો ચૈન નહીં પડે. આત્મા કૈસે પ્રાપ્ત કરું? ઐસે વિભાવમેં રસ ન લગે ઔર ચૈતન્ય સ્વભાવમેં રસ હોના ચાહિયે. ઐસા અંતરમેંસે તૈયારી હોની ચાહિયે, ઐસી પાત્રતા હોની ચાહિયે, તબ વો સ્વભાવ તરફ જા સકતા હૈ. અનાદિકાલસે વિભાવમેં એકત્વબુદ્ધિ હો રહી હૈ. ઉસમેં સબ કુછ માના હૈ ઔર બાહ્યમેં ક્રિયામેં ધર્મ માન લિયા હૈ. શુભભાવસે પુણ્યબંધ હોતા હૈ, સ્વર્ગ હોતા હૈ. આત્મસ્વરૂપ શુદ્ધાત્માકી પર્યાય તો નહીં હોતી હૈ. સ્વાનુભૂતિ નહીં હોતી હૈ. શુભભાવસે તો પુણ્યબંધ હોતા હૈ. ઈસસે મેરા સ્વભાવ તો શુભભાવસે ભી ભિન્ન હૈ. શુભભાવ બિચમેં આતા હૈ, તો ભી યે દેવ ગુરુ શાસ્ત્રકી મહિમા સબ આતા હૈ. પણ શુભ પરિણામ અપના સ્વભાવ નહીં હૈ ઐસી શ્રદ્ધા હોની ચાહિયે. ઐસી શ્રદ્ધા, ઐસા ચિંતવન, મનન નિરંતર ઐસા હોના ચાહિયે તો આત્માકી પ્રાપ્તિ હોવે, નિરંતર 'મૈં ભિન્ન હું' ઐસા ભીતરસે હોના ચાહિયે. પહેલે તો યે વિચાર કરતા હૈ. પણ ઐસે ભીતરમેંસે હોના ચાહિયે. સ્વભાવમેંસે ગ્રહણ કરના ચાહિયે આત્માકો. ઐસે પ્રજ્ઞાસે

ગ્રહણ કરના ચાહિયે. પ્રજ્ઞાસે ભિન્ન કરના ચાહિયે. ઐસા હોનેસે ઉસકો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ. વારંવાર ઈસકો મનન, ચિંતન, 'મૈં ન્યારા ચૈતન્ય, શરીર મૈં નહીં. યે શરીર ભી મૈં નહીં હૂં. વિભાવ ભી મેરા સ્વભાવ નહીં હૈ.' ઈસસે ભિન્ન આત્માકો પહેચાનના હૈ. ૧.

✻ પ્રશ્ન : યે તો સબ વિકલ્પ હો જાયેગા. યે તો વિકલ્પમેં આયેગા ?

● ઉત્તર : વિકલ્પમેં આયેગા પણ વો ભીતરમેંસે પરિણતિ હો નહીં ગઈ. વિકલ્પ તો બીચમેં આતા હૈ. પર ઐસી શ્રદ્ધા હોની ચાહિયે કિ ભીતરમેંસે મેરા સ્વભાવ કૈસે પ્રગટ હો? ઐસી ભાવના હોની ચાહિયે. વિકલ્પ તો બીચમેં આતા હૈ. વિકલ્પસે હોતા નહીં હૈ. વિકલ્પસે કુછ હોતા નહીં? વો તો બીચમેં આતા હૈ. પણ ભીતરમેંસે ઐસી પરિણતિ પ્રગટ હોની ચાહિયે. પરિણતિકા પ્રયાસ કરના હૈ. વૈસે વિકલ્પ આતા તો હૈ સબ વિકલ્પ તો હૈ તો ક્યા કરના? ભીતરમેં તો ગયા નહીં હૈ. વિકલ્પ તો બીચમેં આતા હૈ. 'વિકલ્પસે મૈં ભિન્ન હૂં.' ઐસી શ્રદ્ધા કરની ચાહિયે. વિકલ્પસે મૈં ભિન્ન હૂં. વો ભી વિકલ્પ હોતા હૈ. 'મેરા સ્વભાવ ભિન્ન હૈ.' વો ભી વિકલ્પ હોતા હૈ. બસ! ઐસા જાન લેતા હૈ 'મૈં ભિન્ન હૂં' તો ઐસે ભિન્ન હો નહીં જાતા હૈ તો વિકલ્પ હોતા હૈ. પણ યથાર્થ ભિન્નતા તો પરિણતિ ન્યારી હોવે તબ ભિન્નતા હોતી હૈ. પરિણતિ ન્યારી હોવે બિના વો ભિન્નતા હો સકતી નહીં હૈ. મૈં અનાદિ અનંત શાશ્વત ધ્રુવ હૂં ઐસા વિકલ્પ નહીં પણ ઐસી પરિણતિ હોની ચાહિયે. બીચમેં ભાવના કરતા હૈ તો વિકલ્પ તો આતા હૈ. પણ શ્રદ્ધા ઉસકી ઐસી હોની ચાહિયે કિ મેરી પરિણતિ કૈસે ન્યારી હોવે ? પરિણતિ ન્યારી હોવે તબ ભેદજ્ઞાન હોતા હૈ. તબ નિર્વિકલ્પ દશા હોતી હૈ. ઐસે તો નહીં હોતા. વિકલ્પમાત્રસે તો નહીં હોવે. ૨.

❀ બહેનશ્રી : પહેલે પૂછા ને કિ કૈસા ચિંતવન હોના ચાહિયે ? ચિંતવન તો બીચમેં ઐસા આતા હૈ કિ 'મૈં ચૈતન્ય દ્રવ્ય હૂં. (ચૈતન્ય)

મેરા સ્વભાવ હૈ' ઐસી લગની, મહિમા સબ ભીતરમેંસે હોના ચાહિયે. પરિણતિ તો ન્યારી હોવે તબ કાર્ય હોતા હૈ. પરિણતિ હુએ બિના નહીં હોતા. સ્વભાવ ઐસા ભીતરમેંસે ગ્રહણ કરે તબ હોતા હૈ. બહાર સ્થૂળ વિકલ્પસે નહીં હોતા. વિકલ્પસે તો હોતા હી નહીં. વિકલ્પસે નિર્વિકલ્પદશા હો સકતી નહીં હૈ. તો ક્યા કરના? ઉસકી ભાવના કરના. વિકલ્પ તો બીચમેં આતા હૈ. પણ પરિણતિ કૈસી ન્યારી હોવે? ઐસી અપને ભીતરમે જાકર ઐસી શ્રદ્ધા કરની ચાહિયે. ઐસે ભીતરમેં જાકર ઐસી પરિણતિ પ્રગટ કરનેકા પ્રયાસ કરના ચાહિયે.૩

**✻ પ્રશ્ન : નિર્વિકલ્પદશા યાને ક્યા ? નિર્વિકલ્પદશામેં ક્યા હોતા હૈ ? વિચારશૂન્ય દશા હોતી હૈ યા ક્યા હોતી હૈ ?**

● ઉત્તર : વિચાર શૂન્ય નહીં હોતા હૈ. શૂન્યદશા નહીં હોતી હૈ. ચૈતન્ય તત્ત્વ હૈ. શૂન્યતા નહીં હોતી હૈ. વિચાર શૂન્ય હો જાય પણ ચૈતન્ય તત્વ હૈ તો ચૈતન્યકા સ્વાનુભવ હોતા હૈ. અનંત ગુણસે ભરા ચૈતન્ય પદાર્થ હૈ ઈસકી ઉસકો સ્વાનુભૂતિ હોતી હૈ. આનંદ હોતા હૈ. અનંતગુણસે ભરા ચૈતન્ય પદાર્થ હૈ. જાગૃતિ હોતી હૈ. શૂન્યતા નહીં હોતી હૈ. શૂન્યતા નહીં હોતી હૈ. જાગૃતી હોતી હૈ. અનંતકાળસે જે નહીં હુઆ ઐસા અનુપમ તત્વ, ઐસા અનુપમ આનંદ, અનંતગુણસે ભરેલા ચૈતન્ય દ્રવ્ય ઉસકી સ્વાનુભૂતિ હોતી હૈ. શૂન્ય દશા નહીં હોતી હૈ. જાગૃતિ હોતી હૈ. યે જગતસે વિભાવમેં જો થા ઈસસે ઈસકા જીવન પલટ જાતા હૈ. ઈસકી પરિણતિ ન્યારી હો જાતી હૈ. ઐસી દશા કોઈ અદ્‌ભૂત હોતી હૈ, શૂન્યતા નહીં હોતી હૈ. અપના ચૈતન્યકા અસ્તિત્વ ગ્રહણ કરે. ઈસકા ભેદજ્ઞાન કરકે ભીતરમેં જાય તો ઉસે પ્રાપ્તિ હોતી હૈ. ૪.

**✻ પ્રશ્ન : આત્માર્થીનું અંતર મંથન કેવું હોય ? કોઈ વેળા ઉકેલ ન આવે અથવા પુરુષાર્થ મંદ હોય ત્યારે શું કરવું જોઈએ ?**

● ઉત્તર : અંતરમાં કાયમ એને મંથન ચાલતું જ હોય. એને

વિચાર, વાંચન, જીજ્ઞાસા બધું ચાલતું જ હોય. વારંવાર એને ખટક રહ્યા કરે અને તત્વની જિજ્ઞાસા, વિચારો દ્રવ્ય, ગુણ, પર્યાયના. કેમ આત્મા ઓળખાય? એની અંદર ભાવના રહ્યા કરે. આત્માના હેતુએ આત્માર્થીપણું રહે. જે એના કાર્ય હોય એ બધા આત્માના હેતુએ હોય. બીજા કોઈ હેતુએ ન હોવું જોઈએ. માત્ર આત્માર્થે (છે.) આત્માના, મને આત્મા કેમ ગ્રહણ થાય? એટલા માટે હોય ('કામ એક આત્માર્થીનું બીજું નહીં મનરોગ.) કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ'–'કષાયની ઉપશાંતતા' એટલે એને રસ ઓછો થઈ જાય અંતરમાંથી. વિભાવનો રસ, કષાયનો રસ પાતળો પડી જાય અને અંતર આત્માનો રસ જાગી જાય. હજી તો ઊભા છે એને કષાય પણ કષાયનો રસ ઉતરી જાય. આત્માનો રસ વધી જાય. એક આત્માનું જ પ્રયોજન છે. બીજું કાંઈ પ્રયોજન નથી. એવું એનું જીવન હોય. જે શુભ ભાવનામાં દેવ ગુરુ શાસ્ત્રની મહિમા હોય. અંતર વિચાર, શાસ્ત્ર સ્વાધ્યાય. કેમ આત્મા સમજાય? ગુરુદેવે કીધું છે એ કેમ ગ્રહણ થાય? આત્મા જ્ઞાન સ્વરૂપ જ્ઞાયક છે એ જ્ઞાયક ને કેમ ગ્રહણ થાય? પુરુષાર્થ મંદ પડે તો વારંવાર પ્રયત્ન કરે. વારંવાર પ્રયત્ન કરે. સારા વિચારો કરે. વાંચન કરે. સત્સંગ કરે, બધું કરે વારંવાર. લૌકિક કાર્યને ગૌણ કરીને આ કાર્ય એને મુખ્ય થાય. મુખ્ય આ જ હોય. ઓલું બધું ગૌણ થઈ જાય. (બીજા બધાનો) રસ ઊતરી જાય. બધે બહાર જોડાવું પડે પણ એનો રસ આત્મ તરફનો વધી જાય. દેવ ગુરુ શાસ્ત્ર તરફની ભાવના એને વધી જાય. લૌકિક રસ ઊતરી જાય. આત્મા મુખ્ય ને દેવ ગુરુ શાસ્ત્ર મુખ્ય થઈ જાય. આ એક જાણનારો છે. એની મુક્તિ કેવી રીતે થાય? અનાદિકાળથી મુક્તિ કેમ થઈ નથી? અનંતકાળથી બધું કર્યું જીવે. બહારની ક્રિયાઓ કરી છે. બધા શુભભાવો કર્યા તો દેવમાં ગયો. તો દેવમાંથી પણ પાછો આવ્યો છે. એનું પરિભ્રમણ તો ઊભું છે. તો એનું કારણ શું? મુક્તિ કેમ અત્યાર સુધી થઈ નથી. મુક્તિ નહીં થવાનું કારણ શું છે? માટે અંદર

કંઈક મુક્તિનો માર્ગ અંતરમાં રહેલો છે માટે અંતરદષ્ટિ—જે બધા અત્યારે બહારમાં પડેલા છે કે બહારથી આટલું કરી લઈએ કે આટલું ત્યાગ કરી લઈએ. આટલો ઉપવાસ કરી લઈએ. કે આ કરી લઈએ એવું બધું બહારથી પણ અંતર પલટો થવો જોઈએ. અંતરમાં ધર્મ તો અંતરમાં રહેલો છે. એટલે આત્માને ઓળખવો. પહેલા આત્મા વસ્તુ શું છે? જેવા સિદ્ધ ભગવાન છે તેવું આત્માનું સ્વરૂપ છે. આ શરીર વસ્તુ જુદી ને આત્મા જુદો. આ દેહ (જુદો) ને આત્મા જુદો. આત્મા તો શાશ્વત છે. બીજી ગતિમાં જાય છે. પણ જે ભાવ કર્યા એ પ્રમાણે એને ગતિ મળે. પણ એ પરિભ્રમણ મટતું નથી. એનું કારણ શું? પોતે આત્માને ઓળખ્યો નથી. અંદર વિકલ્પો જે આવે એ વિકલ્પો એ આત્માનું સ્વરૂપ નથી. એનાથી આત્મા જુદો છે. એ આત્મા કેમ ઓળખાય? અને એ આત્માની વાત શેમાં આવે છે? અને એ આત્માનું સ્વરૂપ કોણ બતાવે છે? એ કોઈ મહાપુરુષ થાય તે આત્માનું સ્વરૂપ બતાવે છે. એવા કોઈ અધ્યાત્મ શાસ્ત્ર હોય છે એની અંદર આત્માની વાતુ હોય છે. આત્માની વાતુ જેમાં આવતી હોય. આત્માની વાતોનો ઉપદેશ જ્યાં મળતો હોય ઈ વિચારવાની જરૂર છે કે આત્મા જુદો છે ને આ બધું જુદું છે. આત્મા જુદો જણાય તો પછી બહારનો વાડો કયો હોય ? એ પછી ખબર પડે. એ વાડામાંથી મોક્ષ થાતો નથી પણ અંતરમાંથી મોક્ષ થાય છે. પણ એ અંતરમાંથી જ્યારે મોક્ષ થાય ત્યારે અમુક જ જાતનો માર્ગ હોય છે. એ કયો માર્ગ હોય છે? ઈ પછી વિચારવું. પણ પહેલા આત્મા જુદો છે. એ આત્માનો મોક્ષ કેમ અત્યાર સુધી થયો નથી? માટે અંતરમાં કોઈ માર્ગ જ જુદો છે. એ માર્ગ પહેલા વિચારવાની જરૂર છે. ગમે તે વાડામાંથી મોક્ષ નથી થાતો. પણ અંતરમાંથી મોક્ષ થાય છે. એટલે અંતરમાં જોવાનું છે. પહેલી અંતર દૃષ્ટિ કરવાની છે. જેમાં આત્માની વાત આવતી હોય. જેમાં આત્માનું કોઈ અપૂર્વ અનુપમ સ્વરૂપ આવતું હોય. જેમાં આત્માની સ્વાનુભૂતિની વાત આવતી હોય. જેવા સિદ્ધ ભગવાન

એવો આત્માનું સ્વરૂપ. એની સ્વાનુભૂતિ અંદરમાં બધે આત્માને ઓળખે ત્યારે સ્વાનુભૂતિ થાય છે. એ વાત કોણ કરે છે? એના ઉપદેશમાં કોઈ અપૂર્વતા હોય છે. શ્રીમદ્જીની વાણી, ગુરુદેવની વાણી એ કોઈ અપૂર્વ વાણી છે. એ વાણીમાં અંદર કાંઈક જુદું જ હોય છે. એ વિચારવાની જરૂર છે. બાકી બહારમાં જીવ કરે છે ઘણીવાર, તો ભાવો શુભ પણ કરે છે, બહારની ક્રિયા પુણ્ય બાંધે, દેવમાં જાય પણ દેવમાંથી પાછું પરિભ્રમણ ઊભું જ રહે છે. આત્મા અંદર જુદો છે ને એ અંતરમાંથી છૂટો પડે તો અંતરમાં મુક્તિ થાય છે. પહેલા અંશે થાય પછી પૂર્ણ થાય છે. પહેલા સમ્યક્દર્શન થાય છે. અનાદિકાળથી જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. આ વાડાનું માનેલું સમ્યક્દર્શન એ સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન અંતરમાં રહેલું છે. આ જીવ ને અજીવ બધું માની લીધું ઉપરથી. એમ સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન અંતરમાં છે. જુદો પડી આત્માની પ્રતીત કરી અપૂર્વ એવી અંદર સ્વાનુભૂતિ થાય તો ઈ સમ્યગ્દર્શન છે. અને ઈ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય અને અંતરમાં ચારિત્ર પ્રાપ્તિ થાય. અંદરમાં લીનતા થાય. ચારિત્ર થાય તો એમાં એને કેવળજ્ઞાન અને એમાં એને મુનિદશા. અંતરમાંથી આવે છે ને પછી એનો બહારનો પલટો. જે અંતર ફરે એટલે બહારનો પલટો થાય. એ પછી બહારનો પલટો કેવી જાતનો થાય? એ પછી એને પોતાને ખબર પડે. પહેલા સમ્યક્ દર્શન થાય અને પછી અંતરદૃષ્ટિ, અધ્યાત્મની વાત ને આત્માની વાત શેમાં આવે છે ? એ એને સમજવાની જરૂર છે એ આત્માની વાતુ જેણે કરી હોય જે મહાપુરુષ એ સમજવાની જરૂર છે. વાડાની વાત નહીં, પણ અંદર આત્માની વાત કોણ કરે છે? એવા શાસ્ત્ર હોય છે. એવા સદ્ગુરુની વાણી હોય છે. કોઈ જુદું જ સ્વરૂપ બતાવે છે. બહારથી બધું કરી લીધું, છોડી દીધું, ત્યાગ કરી દીધો. બધું કરી દીધું પણ અંદર સમજણ વગર યથાર્થ જ્ઞાન વગરની ક્રિયાઓ બધું એમ ને એમ જાય છે. શુભભાવથી પુણ્ય બંધાય અને પુણ્યથી સ્વર્ગ થાય. એ

સમજ્યા વગરનું અંતરમાં જે યથાર્થ સમજણપૂર્વક જે અંદરની પરિણતિ પ્રગટ થાય છે એ જુદી થાય છે. બાકી સમજણ પહેલા. આત્માને ઓળખવાની જરૂર છે. યથાર્થ—સત્ વસ્તુ શું છે? આતમા. એને ઓળખવાની જરૂર પડે છે. બહાર વાડામાં જીવ અનંતકાળ જન્મ્યો છે. મુનિપણું બહારનું અનંતવાર લીધું છે. બધું કર્યું છે પણ મોક્ષ થયો નહીં. હાલ્યા કરે છે જન્મ-મરણ જન્મ-મરણ, હાલ્યા જ કરે છે. એમાં મનુષ્ય ભવમાં આત્માનું કાંઈક થાય તો ઈ લેખે છે. બાકી તો બધા જન્મ-મરણ અનંતા અનંતા કર્યા. એમાં ગુરુદેવ મળ્યા ને આ માર્ગ બતાવ્યો. આ માર્ગ તો કોઈ અપૂર્વ છે. અંતરદૃષ્ટિ કરીને આત્માને અંદરમાંથી ગ્રહણ કરી લેવો એ જ માર્ગ છે. ખરું તો એ છે કે અંતરમાં શરીર જુદું, આત્મા જુદો બધું જુદું છે. અંદર આત્મા અનંત જ્ઞાનથી ભરેલો, અનંત આનંદથી ભરેલો એવો આત્મા છે. અનંતગુણથી ભરેલો. બધા વિકલ્પ છે એ વિકલ્પથી આત્મા જુદો છે. આત્માને ઓળખવા પ્રયત્ન કરવાની જરૂર છે આ મનુષ્ય જીવનમાં. એના માટે જિનેન્દ્રદેવ, ગુરુ, શાસ્ત્ર એની ભક્તિ આદિ મહિમા આવે ને ચૈતન્યની મહિમા આવે એ કરવાની જરૂર છે. જન્મમરણ અનંતા જીવે કર્યા. એક જીવે સમ્યક્દર્શન પ્રાપ્ત નથી કર્યું ને એક જિનેન્દ્રદેવ મળ્યા નથી. મળ્યા તો પોતે ઓળખ્યા નથી. પણ એ એક અપૂર્વ છે, સમ્યક્દર્શન, બીજી તો બધી પદવી જગતમાં મળી ચૂકી છે. દેવ લોકની ને બધી. પણ એક આત્મા પ્રાપ્ત નથી કર્યો. ગુરુદેવે આત્માનું સ્વરૂપ બતાવ્યું એ કરવા જેવું છે. આ લોકની અંદર જેટલા પરમાણું જીવે ગ્રહણ કરીને છોડ્યા. બધા ક્ષેત્ર પર જન્મ-મરણ કર્યા. બધા કાળના પરિવર્તન એવા વિભાવના બધા ભાવો કરી ચૂક્યો પણ એક આત્મા નથી પ્રાપ્ત કર્યો. એ એક અપૂર્વ છે મનુષ્ય જન્મમાં એ થાય તો એ નવું છે. બીજું કાંઈ નવું નથી. બાકી બહારમાં જીવે ક્રિયાઓ ઘણી કરી, શુભભાવ કર્યા, પુણ્ય બાંધ્યું. દેવલોક ગયો પણ ભવનો અભાવ નથી કર્યો. આ ભવનો અભાવ થાય એ માર્ગ ગુરુદેવે

બતાવ્યો કે આત્મા જુદો છે એને ઓળખી લ્યો. કરવાનું ઈ છે. ખરું તો. ભેદજ્ઞાન કરીને આત્મા કેમ ઓળખાય ? અને એના માટે વાંચન, વિચાર ને આ બધા એમ. ૫.

ભક્તિ : હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું,
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યા.

✻ પ્રશ્ન : આપે કહ્યું કે ચિંતવન ખાસ પ્રકારનું કરવું? તે ક્યા પ્રકારનું?

● ઉત્તર : મૂળ પ્રયોજનભૂત. ભલે બીજું શાસ્ત્રનું ચિંતવન હોય. પણ મૂળ પ્રયોજનભૂત ચૈતન્યને ઓળખવાનું પ્રયોજન છે. ગુરુદેવ એ જ કહેતા હતા. શાસ્ત્રમાં એ જ આવે છે. કોઈ વિભાવ પર દૃષ્ટિ નહીં, કોઈ ભેદભાવ પર દૃષ્ટિ નહીં. દૃષ્ટિ તો (એક આત્મા ઉપર રાખવી.) જ્ઞાન બધાનું હોય પણ દૃષ્ટિ એક આત્મા પર. તત્ત્વના ભેદ, જ્ઞાનના ભેદ એ બધા ભેદમાં એક જ્ઞાયક. પાંચ જ્ઞાનમાં હું એક જ્ઞાયક. તત્ત્વમાં હું એક ચૈતન્યતત્ત્વ. બધામાં જ્ઞાયક છું. દરેક ભાવની અંદર હોય. પારિણામિક ભાવ, ધ્રુવભાવ દરેકમાં એક ચૈતન્ય તત્ત્વ ઉપર દૃષ્ટિ હોવી જોઈએ. ૬.

❀ બહેનશ્રી : કરવા જેવું આ જ છે. બીજું કાંઈ કરવા જેવું નથી. સંસારમાં કોઈ જાતના વિભાવમાં સુખ નથી. બહારમાં ક્યાંય સુખ નથી. પર પદાર્થમાં સુખ નથી. એવું અંદર પોતાને નક્કી થાય અને આત્માની રુચિ થાય કે આત્મામાં જ બધું છે. સર્વસ્વ છે. આત્મા કેમ ઓળખાય? આત્મા તરફ રુચિ થાય તો એની સાથે તત્ત્વ ચિંતન આત્મા કેમ ઓળખાય? આત્માનું શું સ્વરૂપ છે? આત્મા કેવા સ્વરૂપે છે? દ્રવ્ય શું છે? ગુણ શું છે? પર્યાય શું છે? એને કેમ ઓળખવો? એની રુચિ હોય તો તત્ત્વચિંતન થાય. એ તત્ત્વ ચિંતન માટે અંદરની રુચિ જોઈએ. ને તત્ત્વચિંતવન એમ ઝાઝીવાર ચાલે

નહીં તો શાસ્ત્રનો સ્વાધ્યાય કરે ને એમાંથી વિચાર કરે. ગુરુદેવે શું કીધું છે ? શું માર્ગ બતાવ્યો છે ? એ માર્ગનો પોતે વિચાર કરે. તત્ત્વ ચિંતવન કરે. આત્માનું શું સ્વરૂપ છે. દ્રવ્ય ગુણ, પર્યાય શું છે? આ વિભાવ શું છે? સ્વભાવ શું છે? મોક્ષ શું છે? મોક્ષ કેમ પ્રગટ થાય? ગુરુદેવે શું કીધું છે. એમ તત્ત્વ ચિંતવન પોતાની રુચિ હોય અને ઓળખવાની પોતાની લગની હોય તો તત્ત્વ ચિંતવન થાય. તત્ત્વ ચિંતવન અંદર રુચિ વગર થતું નથી. રુચિ વધારે તો તત્ત્વચિંતવન પણ સાથે થાય અને એને માટે ગુરુદેવે કીધું છે એ વિચાર કરે. શાસ્ત્રનો—શાસ્ત્રનો સ્વાધ્યાય કરે તો તેમાંથી વિચાર ચાલે. કરવાનો માર્ગ તો એક જ છે કે ભેદજ્ઞાન કરીને કેમ આગળ વધાય? આત્મા શું સ્વભાવ? વિભાવ પોતાનો સ્વભાવ નથી. એનાથી પોતાને જુદો પાડવાનો પ્રયત્ન કરે પણ આત્માને ઓળખે તો થાય તો તત્ત્વ ચિંતવન. એ ન થાય ત્યાં સુધી શુભભાવમાં દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, અંતરમાં શુદ્ધાત્મા કેમ ઓળખાય? એની રુચિ હોવી જોઈએ. શુદ્ધાત્મા જુદો છે ને એ નિર્વિકલ્પ સ્વરૂપે છે. એ કેમ ઓળખાય એનો વિચાર કરે તો થાય. પ્રમોદ, પોતાના આત્માની મહિમા આવે તો થાય. બહારમાં ક્યાંય મહિમા નથી. કોઈ ચીજ વસ્તુ બહારની કોઈ મહિમા કરવા યોગ્ય નથી. બહારના પદાર્થો કોઈ આશ્ચર્યભૂત નથી. કોઈ પદાર્થો આ બધા દેવલોક આદિ બહારના પદાર્થો અનંતવાર મળ્યા છે. એ કાંઈ નવું નથી. નવું તો એક આત્મા જ મહિમાવંત છે એમ પોતાને નક્કી થાય તો આત્માની મહિમા આવે. અનંતકાળથી જીવને બધું મળી ચૂક્યું છે. એક આત્મા નથી મળ્યો. એક સમ્યગ્દર્શન પ્રાપ્ત નથી કર્યું. સમ્યક્‌દર્શન જ કોઈ જુદી અપૂર્વ વસ્તુ છે એમ પોતાને નક્કી થવું જોઈએ. દેવલોકના દેવો અનંતવાર દેવમાં જન્મ્યો છે. બહારમાં રાજા આદિ થયો છે. એ બધાય કાંઈ સુખરૂપ નથી. એ કાંઈ મહિમારૂપ નથી. એ તો બધા પરપદાર્થો છે. એમ પોતે નક્કી કરે ને આનંદ આત્મામાં જ ભરેલો

છે. આત્મા કોઈ આશ્ચર્યકારી વસ્તુ છે એમ નક્કી કરે તો થાય. સમ્યગ્દર્શન અનાદિકાળથી પ્રગટ થયું નથી. એ કોઈ અપૂર્વ વસ્તુ છે. પોતે નક્કી કરે તો થાય. એની ઓળખાણ પોતે એની લગની લાગે તો થાય. એને વિચાર કરે. ગુરુદેવે શું કીધું છે એ વિચારે, પ્રયત્ન કરે તો થાય. એણે નક્કી કરવું જોઈએ. કે આ શરીર તો જુદું જ છે. કાંઈ જાણતું નથી. અંદર જાણનારો કોઈક જુદો જ છે. જાણનાર એક તત્ત્વ વસ્તુ છે. બધા વિભાવો એ આકુળતારૂપ છે. બધા ભાવો આકુળતા સ્વરૂપ છે. એનાથી જુદું નિરાકુળ તત્ત્વ જાણનાર અંદર કોઈ વસ્તુ છે. એમાં આનંદ ભર્યો છે. એની ઓળખાણ પોતે કરે, એની જિજ્ઞાસા થાય તો થાય. જિજ્ઞાસા વગર ન થાય. શાસ્ત્રમાં શું આવે છે? ગુરુદેવે શું કીધું છે? એ બધો વિચાર કરે તો થાય. જાણનાર અંદર તત્ત્વ કોઈ જુદું જ છે. જે જાણનાર છે તે એકલો જાણનાર માત્ર નથી. અનંત મહિમાથી ભરેલો જાણનાર વસ્તુ છે. ૭

* પ્રશ્ન : વાંચન, મનન, સત્પુરુષનું મિલન એ બધું થાય ?

● ઉત્તર : બધું સાથે થવું જોઈએ. વાંચન, મનન, એ બધું સમજણપૂર્વક હોવું જોઈએ. આત્મા ગ્રહણ કેવી રીતે થાય? એ ધ્યેય હોવું જોઈએ. એમાં સત્પુરુષનું જ્ઞાન, સત્પુરુષનો સમાગમ, વાણી બધુંય સાથે હોવું જોઈએ. વિચાર સત્પુરુષના આશ્રયે કે ગુરુદેવે શું કીધું છે? શું માર્ગ બતાવ્યો છે? ઈ રીતે પોતાની વિચારની શૈલી, પોતે વિચાર કરે તો આત્માનો સ્વભાવ ગ્રહણ કરે. તેમાં શું ગુરુદેવે કીધું છે? એની સાથે મેળ કરીને પોતે આગળ જાય. સમજે છે તે પોતે જ્ઞાનથી સમજાય છે. પણ તેમાં ગુરુદેવે શું માર્ગ બતાવ્યો છે? એને સાથે રાખીને વિચાર કરે. ૮.

* પ્રશ્ન : આ વાતના પોષણ માટે એકાંત વધારે પડતું હોવું જ જોઈએ કે ?

● ઉત્તર : એની ભાવના આવે તો એમાં કાંઈ એકાંત વધારે પડતું હોવું જ જોઈએ એવું નહીં. પણ એકાંત હોય તો એને એક

જાતના વિચાર કરવાનું વાંચન કરવાનું કાંઈ એને સાધન બને છે. પણ એકાંત હોવું જ જોઈએ એવું નહીં. કોઈની યોગ્યતા પ્રમાણે હોય. કોઈને વાંચન ગમે, કોઈને એકાંતમાં ગમે, જે એની પોતાની પરિણતિ પ્રમાણે, એકાંત હોય તો પોતાને વિચારનું મનન કરવાનું એવી જાતનો ટાઈમ મળે વધારે. ૯.

* પ્રશ્ન : આવી પડેલા ઔદયિક ભાવને આઘા પાછા કરી શકાતા નથી એ વખતે આ બાજુ મનન, વિચાર તૂટી પડે તો શું કરવું ?

● ઉત્તર : ઔદયિક ભાવો આવી પડેલા એને આઘા પાછા કરવા એ એમાં પુરુષાર્થ કરવો એ પોતાના હાથની વાત છે. આઘા પાછા નથી કરી શકાતા. (એમ નથી) એ જેની ભાવના હોય તો પુરુષાર્થ કરીને પલટાવી શકે છે. જો પલટાવી ન શકાતા હોય તો અનાદિકાળથી કોઈ પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન કરીને સમ્યક્દર્શન પ્રાપ્ત જ ન થાય. જો આઘાપાછા એ(ન કરી શકાય તો.) એ બધી પર્યાયો છે. પર્યાયને પલટવાનો સ્વભાવ છે. પર્યાય, વિભાવ પર્યાયમાંથી સ્વભાવની ભાવના કરી સ્વભાવને ગ્રહણ કરીને પલટો, જે પર્યાય આ બાજુ છે. એ પર્યાય સ્વ તરફ દૃષ્ટિ કરવી પોતાના હાથની વાત છે. એ ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું હોય છે. એકલું ક્રમબદ્ધ હોતું જ નથી. પુરુષાર્થ સાથે જોડાયેલું ક્રમબદ્ધ છે. એ ક્રમબદ્ધની અંદર સ્વભાવ, પુરુષાર્થ એ બધું એની સાથે જોડાયેલું જ હોય છે. જે પોતાને પુરુષાર્થની ગતિ જેની વિભાવની સર્વસ્વ લાગે. વિભાવમાંથી છૂટવું જેને રુચતું નથી, એનું ક્રમબદ્ધ એવું છે. જેને વિભાવ રુચતો નથી અને સ્વભાવ જ રુચે છે. એનું ક્રમબદ્ધ એ જાતનું હોય છે. એને પુરુષાર્થની ગતિ એ તરફ હોય છે. પુરુષાર્થ સાથે જોડાયેલું ક્રમબદ્ધ હોય છે. ૧૦.

જય હો, વિજય હો ભગવતી માતનો જય હો.